ફોજદારી કેસ નં.૫૬૮૩૨/૨૦૧૮
આંક–૧ નીચે હુકમ

.....................................................................................................................

આ કામે આરોપી ઉપર ચોરીના ગુનાનો આરોપ હોઈ આ ગુના સબબ આરોપીને વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી મળી આવતા ન હોઈ આ કામ જુનુ હોઈ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કામગીરી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો તે મુજબ ફરીયાદીને પ્રોસેસ કરતા ફરીયાદીએ હાજર જઈ સ્વૈચ્છિક રીતે નામ. કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે કે તેમને આ કામમાં સમાધાન થઈ ગયેલ છે અને આ કામ તેઓ આગળ ચલાવવા માગતા નથી. વળી આવી હકીકત ફરીયાદીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પણ જાહેર કરેલી છે. તે જ રીતે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસમાં પણ સમાધાન થયેલ હોવાની હકીકત જાહેર કરેલ છે તેથી તે રીતે સી.આર.પી.સી. કલમ–૩૨૦ અન્વયે આ કામ સમાધાનને લાયક હોઈ સમાધાનથી ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયોચીત માનવામાં આવતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આરોપીને ઈ.પી.કો.ક.૩૭૯, ના ગુનામાંથી સી.આર.પી.સી. કલમ ૩૨૦ (૧)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનો મુદામાલ ફરીયાદી/ અરજદારને વચગાળાની કસ્ટડીથી સોંપી આપવામાં આવેલ હોય છે. તેવો વચગાળાનો હુકમ અપીલ સમયબાદ કાયમ કરવામાં આવે છે અને જો ફરીયાદી મુદામાલનો કલેઈમ કરવા માગતા ન હોય તો સદરહુ મુદામાલ શ્રી સરકાર ખાતે દાખલ કરવો.

આ હુકમ આજરોજ તારીખ.૦૪/૦૫/૨૦૧૯ ના રોજ લોકઅદાલતના દિવસે જાહેર કર્યો.

તારીખ: ૦૪/૦૫/૨૦૧૯
સ્થળ: અમદાવાદ.

(ડી.એસ.ડાભી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૬, અમદાવાદ.
જજ કોડ નં.જીજે૦૧૦૧૮